અપીલ અરજી નં.૩૭૧ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રીમતિ રેખાબેન હરીશચંદ્ર દલાલ
સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતિ રેખાબેન હરીશચંદ્ર દલાલની તા. ૩–૧૦–૧૧ અરજીથી માગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/**નં.૩૭૧/૨૦૧૧–૧૨

શ્રીમતિ રેખાબેન હરીશચંદ્ર દલાલની તા. ૩–૧૦–૧૧ની અરજીથી માગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે નકલ સહ હકીકત જણાવવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૦૬૬ તા. ૧૫–૧૧–૧૧થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા. ૨૧–૧૧–૧૧થી પુરક વિગતોમાં અરજદારે તા. ૨૯–૯–૧૧ ના રોજ જીવાભાઈ પટેલ દિવ્ય વસુંધરા પ્રા.લી.ના ચેરમેન મેનેજીંગ ડીરેકટરને પાઠવેલ પત્રની નકલ,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. સે.ઝોન./આરટીઆલ /આ.નં./૧૫૫૩ તા. ૨૧–૧૧–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૨૪–૧૧–૧૧ના પત્રથી મળેલ પુરક વિગત, મળેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં. આરટીઆઈ સેલ /૧૧૫૬ તા. ૨૫–૧૧–૧૧થી પુનઃ આપેલ પુરક વિગત સંદર્ભે પાઠવેલ પત્રની નકલ જેના સંદર્ભે અરજદાર તરફથી તા. ૯–૧૨–૧૧ના રોજ પુનઃ પાઠવેલ પુરક વિગત સંદર્ભે મળેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૩–૧૦–૧૧ની અરજીથી માહિતી માગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારે મુળ અરજીની નકલ કે વિગતો જણાવેલ નથી. પરંતુ અપીલ અરજીમાં જણાવ્યા મુજબની હકીકત ધ્યાને લઈ અરજદારે જણાવેલ માહિતીની વિગતોમાં ઈન્ડિયા ટેક્ષટાઈલ માર્કેટ વોર્ડ નં.–૩ નોંધ નં.૨૧૫૭ –૫૮ અને ૨૮૮૫ પૈકી જમીન ઉપર બાંધેલ એ,એચ અને જે બિલ્ડીંગની સામે ખુલ્લી પાર્કિંગની જગ્યા ઉપર બાંધકામ માટે કોઈ પ્લાન મુકવામાં આવ્યો હોય તો તે પાસ થયો છે કે કેમ તેની સંપૂર્ણ માહિતી માગવામાં આવેલ. જે અંગે માગેલ માહિતી સમયમર્યાદામાં મળેલ ન હોવાથી અરજદારે તા. ૮–૧૧–૧૧ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૧૦૬૬ તા. ૧૫–૧૧–૧૧થી ફી ભર્યાની અગર કયા જાહેર માહિતી અધિકારીને જમા કરેલ તે તથા કોઈ તબદીલી હોય તો તેની વિગતો જણાવેલ ન હોય તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તેમના તા. ૨૪–૧૧–૧૧ના પત્રથી નાગરિક સુવિધા કેન્દ્ર મુગલીસરા ખાતે રૂ.૨૦/– રસીદ નં.૩૪૨૨૦ આઈડી નં.૯૪૯ તા. ૩–૧૦–૧૧ના રોજ ભરેલ છે તેવું જણાવેલ છે. પરંતુ અરજી તબદીલી અંગેની વિગત કે માહિતી મળ્યા અંગેની વિગત કે નારાજગી દર્શાવેલ નહી અને નિયત સમય અવધિમાં જવાબદાર અધિકારી સામે કાર્યવાહી કરવાને બદલે અમારી પાસે બિનજરૂરી માહિતી માગો છો તેવી રજૂઆત કરેલ. જે બાબતે અત્રેથી આરટીઆઈ સેલ/૧૧૫૬ તા. ૨૫–૧૧–૧૧થી પુનઃ પુરક વિગત જણાવવા તા. ૨૯–૯–૧૧નો ચેરમેન શ્રી દિવ્ય વસુંધરાને લખેલ પત્રની નકલ સિવાય બીજા કોઈ કાગળો સામેલ કરેલ નથી કે જેથી અપીલમાંની આપની રજૂઆત મુળ માંગેલ માહિતી સાથે ચકાસી આપની માહિતી અંગે નારાજગીનું વાજબીપણું ચકાસી શકાય. અપીલની અર્ધન્યાયિક પ્રક્રિયામાં બન્ને પક્ષકારોએ તેઓની તરફેણમાં આધાર–સમર્થન–બચાવ રજૂ કરવાના રહે છે જે આપના હિતમાં પણ છે જેથી સંદર્ભપત્રના અનુસંધાને માંગેલ વિગતો રજૂ કરવા પુનઃ સુચિત કરવામાં આવે છે. આપના તરફથી આરટીઆઈ એકટના નિયમ–૬ મુજબની વિગતો રજૂ નહીં થયેથી ઉપસ્થિત પેપર્સના આધારે એકપક્ષીય નિર્ણય ગુણ અને દોષના આધારે લેવાની ફરજ પડશે. જે બાબતે અરજદારે પુરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી તા. ૨૧–૧૧–૧૧ના પત્ર મળેલ છે. જેમાં પ્લાન મંજુર થયો છે કે નહી તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપેલ નથી. અને નિયત સમયમાં જવાબ મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પુરક વિગતોમાં અરજદારને પત્ર નં. સે.ઝોન./ આરટીઆઈ/૧૫૫૩ તા. ૨૧–૧૧–૧૧થી નિયત સમય અવધિ બાદ "વોર્ડ નં.–૩ ,નોંધ નં. ૨૧૫૭ –૫૮ તેમજ ૨૮૮૫માં બાંધકામ માટે અત્રેના શહેર વિકાસ વિભાગ,સેન્ટ્રલઝોનમાં વિકાસ પરવાનગી આપવા અંગે અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા માંગ્યા પ્રમાણેની માહિતી ઉપલબ્ધ જણાતી નથી." તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પાડવામાં

આવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ પ્લાન મંજુરી અંગેના આનુષાંગિક રેકર્ડમાં જેવા કે પ્લાન નોંધણી રજીસ્ટર આધારિત જો કોઈ પ્લાન મંજુરી અંગેની વિગતો ઉપલબ્ધ હોય તો તેની ચકાસણી પુરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૦–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન–૭ માં બાબત હેઠળના સબંધિત દફતરની તપાસણી કરી આપેલ માહિતીની ખરાઈ કરી શકે છે.જે અંગે અરજદાર તરફથી તેવી માંગણી થયેથી કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અમલવારી કરવા અને તેની જાણ અત્રે કરવા ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે....
(૨) શ્રીમતિ રેખાબેન હરીશચંદ્ર દલાલ,